R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 41 DATE: 14-10-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## દેશભરમાં મુઠ્ઠીભર માણસો દેશની પ્રતિષ્ઠા બરબાદ કરવા માટે સક્રિય બન્યા છેઃ વડાપ્રધાન મોદી



કંપની સેક્રેટરીઝના ગોલ્ડન જ્યુબીલી કાર્યક્રમમાં બોલતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યુ હતું કે દેશમાં પારદર્શકતા આવી રહી છે.ગત સરાકરના રાજયમાં છ વર્ષ સધી જીડીપી ૫.૭ ટકા રહ્યો હતો.દેશનો વિકાસ દર અમે ઉંચે લાવ્યા છીએ.

વિપક્ષો પર આકરા પ્રહારો કરતાં મોદીએ કહ્યુ હતું કે ચાણક્ય કહેતા હતા કે જંગલમાં એક વૃક્ષમાં આગ લાગે તો આખા જંગલમાં ફેલાઈ જાય છે. તેવી રીતે પરિવારમાં કોઈ એક વ્યક્તિ ગરબડ કરે તો સમગ્ર પરિવારની આબરુ ધુળધાણી થઈ જાય છે.આ બાબત દેશ અને સંસ્થાને લાગુ પડે છે. દેશમાં મુઠ્ઠીભર માણસો છે જે તેની પ્રતિષ્ઠા અને ઈમાનદારી,સામાજીક વ્યવસ્થાને નબળી પાડવા અને બરબાદ કરવા માટે સક્રિય છે.આ લોકોને હટાવવા માટે જ સરકારે પહેલેથી સફાઈ અભિયાન હાથ ધર્યું છે.

વડાપ્રધાને જણાવ્યુ હતું કે હું અહીયા ફરીથી કહેવા માંગુ છું કે ઈમાનદાર અને પારદર્શક વ્યવસાય કરતા વેપારીઓએ ડરવાની જરુર નથી.ઈમાનદાર લોકોને તેનું યોગ્ય વળતર મળશે.જે લોકો છેતરપીડીં કરે છે,કાયદા તોડે છે તેમણે ફરીથી ચેતી જવાની જરુર છે. ઘણાને એવી શંકા વ્યક્તિ કરી છે કે વર્તમાન વેપાર જોઈને જુના રેકોર્ડ તો નહી ફંફોસવામાં આવે ? હું ખાતરી આપું છું કે એવું કશું જ થશે નહીં. સરકાર ઈચ્છે છે કે લોકો મુખ્ય પ્રવાહ સાથે જોડાય અને ચિંતામુક્ત થઈ જાય.

તેમણે કહ્યુ હતું કે કાળુ નાણું પાછું લાવવા માટે કડક કાયદા બનાવવામાં આવ્યા.વિદેશોમાં જમા કાળા નાંણાને પાછુ લાવવા જે તે દેશો સાથે સંધિ કરવામાં આવી.જુની સંધીઓ સુધારવામાં આવી છે.૨૮ વર્ષથી અટકેલા બેનામી સંપત્તિ કાયદાને લાગુ કરાયો .ધણા વર્ષોથી અટકેલા જીએસટીને લાગુ કરાયો. નોટબંધી જેવો આકરો નિર્ણય લેવાની અમે હિંમત કરી. સરકારના અથાગ પ્રયાસના કારણે આજે અર્થતંત્ર લેસ કેશના ધોરણે ચાલે છે.૮ નવેમ્બર ૨૦૧૬ દેશની અર્થવ્યવસ્થામાં ઈમાનદારીના યુગનો આરંભ ગણાશે.કેટલાક લોકોને નિરાશા ફેલાવવામાં આનંદ આવે છે. અને ત્યાર પછી જ રાત્રે ઊંઘ આવે છે.ગત સરકારના રાજ્યમાં ૬ વર્ષમાં ૮ વખત જીડીપી ૫.૭ ટકા અને તેનાથી નીચે ગયો છે.

## વડાપ્રધાન દેશનો સમય બરબાદ કર્યા વગર લોકોને રોજગારી આપો : રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે મોદીજી દેશનો સમય બરબાદ કર્યા વગર લોકોને કામ આપવાનું કરે નહિતર તેમનાથી આ ના થતું હોય તો ના પાડે ,અમે કરીશું.તેમણે કહ્યુ કે મોદીજી જીએસટીને સમજી શકી નથી.ખેડુતો મરી રહ્યા છે અને યુવાનો બેકાર છે.તેમના રાજમાં ખેડુતો સતત દેવાદાર બની રહ્યા છે.વિવિધ રાજ્યોમાં ભાજપ સરકારી જાહેરાતો કરે છે પરંતુ તેનો અમલ થતો નથી.પ્રજા લાચાર બની છે. છતાં સરકાર વિકાસની વાતો કરી રહી છે. ચીનમાં દરરોજ ૫૦ હજાર લોકોને રોજગારી મળી રહી છે જ્યારે આપણે ત્યાં માત્ર ૪૦૦ લોકોને રોજગારી મળે છે.આવી સ્થિતિમાં વિકાસ કોને કહેવાય.દેશનું અર્થતંત્ર કઈ દિશામાં જઈ રહ્યું છે તે આપણે નક્કી કરવાનું છે. મોદીજી હવે દેશનો સમય બરબાદ કરવાનું બંધ કરે. લોકોને રોજગારી ની જરુર છે. અને તેઓ રોજગાર પુરો પાડે.મોદીજી ૨ કરોડ લોકોને રોજગાર આપવાની વાતો કરી હતી અને આજે શું સ્થિતિ છે તે આપણે જાણીએ છીએ.

પોતાના મતવિસ્તારના પ્રવાસે સંબોધેલી રેલીમાં તેમણે કહ્યુ હતુ કે મોદી સરકાર કેટલાય સમયથી લોકોને વાયદા જ કરતી આવી છે. માત્ર વિકાસની વાતો કરવાથી વિકાસ થતો નથી.મેડ ઈન ઈન્ડીયા, મેક ઈન યુપી કે પછી મેડ ઈન અમેઠી જેવા સુત્રોથી દેશનો વિકાસ થતો નથી. અમેઠીમાંથી ફુડ પાર્કને કાઢી નાંખ્યો. ખરેખર અમેઠીમાં તેની સૌથી વધુ જરુર છે.તેઓ ખરેખર કામ ન કરી શકતા હોય તો તેમણે ના પાડી દેવી જોઈએ.કોગ્રેસ સત્તામાં આવવા તૈયાર છે.અમે બાકીના છ મહિનામાં તમામ કામ પુરા કરી દઈશું.



જીએસટીનો નિર્ણય કેવી રીતે વિચારીને લેવાયો છે તેની કોઈ જાણ જ નથી.જીએસટી લાગુ કર્યો પણ તેની કોઈ સમજ મોદી સરકાર પાસે નથી.મોદી સરકારે પાંચ અલગ અલગ ટેક્ષ લાગુ કરી દીધા. ક્યારે ક્યો ટેક્ષ લાગશે તેનું કોઈ માળખું જ નથી.કોગ્રેસે મહત્તમ ૧૮ ટકા ટેક્ષની ભલામણ કરી હતી. જયારે આ સરકારે ૨૮ ટકા ટેક્ષ લાગુ કર્યો છે.

## ભારતીય જનતા પાર્ટીની સરકારનુ નોટબંધીનું પગલું આત્મઘાતી હતું :અરુણ શૌરી

ભાજપના વરિષ્ઠ નેતાઓ અને ભુતપુર્વ મંત્રી અરુણ શૌરી હવે યશવંતસિંહાની મદદે આવ્યા છે. તેમણે ભાજપનું નોટબંધીનું પગલું આત્મઘાતી ગણાવતા જણાવ્યુ હતું કે મોદી સરકારની ક્ષમતા ઈવેન્ટ મેનેજમેન્ટમાં જ છે.સરકાર ચલાવવાનું જ્ઞાન નથી એવા લોકો તેને ચલાવે છે.આ અટકળો્ને સપનાઓ પર ચાલતી સરકાર છે.સરકાર ચલાવનારાઓ કોઈનું સાંભળતા નથી. વિગેરે જોરદાર પ્રહારો મોદી સરકાર પર અરુણ શૌરી દ્વારા કરવામાં આવ્યા હતા.

તેમણે કહ્યુ હતું કે હાલમાં જે લોકો સરકાર ચલાવે છે તે કોઈની સલાહ લેતા નથી.કોઈનું સાંભળતા નથી. ફક્ત અઢી માણસો જ સરકાર ચલાવે છે.નરેન્દ્ર મોદી,અમિત શાહ અને ઈન હાઉસ વકીલ( જેટલી)તેઓ સરકાર ચલાવવાનું કોઈ નિષ્ણાંત જ્ઞાન ધરાવતા જ નથી તેમની આસપાસ ફરનારાઓ પણ નિષ્ણાંત નથી.તેઓ એક બંધ ચેમ્બરમાં બેસીને સરકાર ચલાવે છે.હતાશામાં સરી પડેલી રિર્ઝવ બેન્કે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પાયમાલ કરી નાંખ્યા છે. તેમની બુમરાણ કોઈ સાંભળતું જ નથી.યશવંત સિંહા,ચિદમ્બરમ કે મનમોહનસિંહ જેવા અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓએ સત્ય શું છે તેની જાહેરાત કરી પણ તે બહેરા કાને જ અથડાય છે. મોદી સરકારની મુખ્ય ક્ષમતા ઈવેન્ટ મેનેજમેન્ટમાં જ છે.અને તેની સફળતાથી તેઓ આત્મસંતોષ માણી રહ્યા છે.

દેશનો આર્થિક વિકાસ જે રીતે ગબડી રહ્યો છે અને બેકારીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે તે માટે કેન્દ્રમાં ભાજપની મોદી સરકાર પર પુર્વ કેન્દ્રીય મંત્રી અરુણ શૌરીએ આક્રમક પ્રહારો કરતાં કહ્યુ હતું કે નોટબંધીનું પગલું આત્મધાકી અને આપઘાત કરવા સમાન હતું.નોટબંધી ભલે હિંમતભર્યું પગલું હોય પણ તે આત્મઘાતર પુરવાર થયું છે.અને નોટબંધીનો બચાવ કરતી તમામ દલીલો આજકાલ વાહિયાત અને પોકળ પુરવાર થઈ છે તેવો દાવો શૌરીએ કર્યો હતો.

તેમણે કહ્યુ હતું કે આ અટકળો અને સપનાઓની પર ચાલતી સરકાર છે.મોદીને એક દિવસ રાતોરાત સપનુ આવ્યું કે નોટબંધી કરવી જોઈએ અને કરી નાંખી. તે ભલે હિંમતભર્યું પગલું હોય પણ તે આત્મઘાતી હતું.આપઘાત કરવો તે પણ એક હિમતભર્યું પગલું જ છે.નોટબંધીનો બચાવ કરતી કઈ દલીલ આજે ટકી શકી છે.બ્લેક મની ? તો તમામ વ્હાઈટ થઈ ગયા. ત્રાસવાદ ? તો ત્રાસવાદીઓ આજે પણ ભારતમાં આતંક મચાવી રહ્યા છે.

શૌરીએ ભાજપના પ્રમુખ અમિત શાહની પણ આકરા શબ્દોમાં ટીકા કરતાં કહ્યુ હતું કે શાહ એવો દાવો કરે છે કે ઈકોનોમીમાં હાલની મંદી ટેકનીકલ કારણોસર છે. શું તેઓ પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી છે ? તેઓ સત્તાવાર આંકડાઓને છુપાવી શકે છે. સરકાર ચુંટણીની રાજરમતમાં જ રાચી રહી છે.સરકારની આર્થિક નિષ્ફળતાઓ ઈકોનોમીક સર્વે, આરબીઆઈનો સરવે, અને એસબીઆઈનો રિપોર્ટ પરથી બહાર આવી છે. જુની ગણતરી પ્રમાણે જીડીપી ગગડીને૩.૭ ટકા થયો શું તે હકીકત નથી ? ઔધ્યોગિક ઉત્પાદનનો ઈન્ડેક્ષ ૨૦૧૫-૧૬માં ૯ ટકા હતો તે ગગડીને ૧.૭ ટકા થયો તે શું હકીકત નથી ? શું આ ચિંતાની વાત નથી ? આ તમામ બાબતો ઈકોનોમી અંગે રેડ સિગ્નલો દર્શાવે છે.

## દેશના તમામ રાજ્યોમાં બે અઠવાડિયામાં પદયાત્રા યોજાશે

ભાજપ પ્રમુખે જણાવ્યુ હતું કે દેશના તમામ રાજ્યોમાં કેરળમાં રાજકીય હિંસાના વિરોધમાં પદયાત્રા યોજાશે.તેની શરુઆત થઈ ગઈ છે.કેરળમાં થયેલી તમામ રાજકીય હત્યાઓ માટે કેરળના સીએમ પિનારાઈ વિજયનને જવાબદાર ગણાવ્યા હતા.શાહે કહયું હતું કે ડાબેરીઓ સત્તામાં આવે છે ત્યારે રાજકીય હત્યાઓનો સીલસીલો શરુ થઈ જાય છે.કેરળમાં ભાજપનું રાજકીય રીતે કોઈ સ્થાન નથી. તેથી રાજકીય રીતે સાઉથમાં પગપેસારો કરવા માટે આ રીતે પ્રયાસ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તેમ સીપીઆઈ-એમ દ્વારા જણાવાયું હતું.તેમણે કહ્યુ હતું કે ભાજપ ખોટા આક્ષેપો કરે છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગુજરાતનુ ચુંટણી વાતાવરણ જામતું જાય છે.કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને ભાજપના અનેક નેતાઓ ગુજરાતમાં ઉમટી પડ્યા છે. કોક વિકાસના ગાણા ગાય છે તો કોક વિકાસ ગાંડો થયો છે તેવા રમુજી ટુચકાઓ દ્વારા પ્રજાને ફરીથી એકવાર તેમની જાળમાં ફસાવવા માટેના અખતરાઓ યોજી રહ્યા છે.ખેર,ચુટણીમાં અનેક પ્રકારના રાગો આલાપાય અને તેમાં કેટલાક તથ્યો પણ બહાર આવે.આજ દીન સુધી કોગ્રેસના કૌભાંડોની વાતો કરીને લોકોને બહેકાવવામાં પાવરધા બનેલા ભાજપના નેતાઓના કેટલાક કૌભાંડો બહાર આવવા લાગ્યા છે. એકજ વર્ષમાં ૧૬૦૦૦ ગણી વૃધ્ધિ ટર્નઓવરમાં થાય તેવો વિકાસ પણ થયો છે તેવા સમાચારો વહેતા થયા છે.ખરેખર સત્ય શું છે તે તો બહાર આવતાં ચુંટણી પતી જશે પરંતુ તેની કેટલી અસરો ચુંટણીમાં પડશે તે અત્યારે તો નક્કી કહી શકાય નહી.પરંતુ જે નેતાઓ સામે આંગળી ચીંધાઈ છે તેમના માથે માંછલા તો અવશ્ય ધોવાશે. ખરીદાયેલા પ્રચાર માધ્યમો કે પ્રિન્ટ મીડીયા તેમના આકાઓ માટે પ્રયત્નશીલ છે પરંતુ હવે તેમના બચાવ માટે તેમને ફાંફા મારવા પડે છે તેવા ખેલ ઉભા થયા છે.ભય અને ડર માં ઘટાડો થયો હોય તેવું લાગે છે. લોકો બિન્ધાસ રીતે પોતાના વિચારો રજુ કરે છે.

## મંતવ્ય

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ એ દિલ્હી સરકારને જંતર મંતર ખાતે તમામ પ્રકારના વિરોધ પ્રદર્શનો તાત્કાલિક બંધ કરવાનો આદેશ કર્યો હતો.જસ્ટીસ આર.એસ.રાઠોરના વડપણ હેઠળની ટ્રિબ્યુનલની બેન્ચે નવી દિલ્હી મહાનગરપાલિકાને જંતર મંતર ખાતે તમામ પ્રકારના મંડપ, હંગામી સ્ટ્રકચર,લાઉડ સ્પીકર અને વિરોધ પ્રદર્શન માટેની અન્ય સવલતો હટાવી લેવાનો આદેશ કર્યો હતો.ટ્રિબ્યુનલે કોનોટ પ્લેસ પાસે આવેલા જંતર મંતર ખાતે તમામ વિરોધ પ્રદર્શનો ઘરણાં ભંદ કરવાનો આદેશ કરીને કહ્યુ છે કે જેમણે આવા વિરોધ પ્રદર્શન કરવા હોય તેમને અજમેરી ગેઈટ ખાતે રામલીલા મેદાન પર મોકલી દો.ગ્રીન પેનલે કહ્યુ કે જંતર મંતર ખા તે આ પ્રકારે વિરોધ પ્રદર્શનો દ્વારા પર્યાવરણના કાયદાનો ભંગ થઈ રહ્યો છે.

આ પ્રકારની બંધીથી એવું જણાઈ આવે છે કે ભવિષ્યમાં સરકાર સામે કોઈપણ પ્રકારના ઘરણાં,વિરોધ પ્રદર્શનો કે આંદોલનો દિલ્હીમાં થઈ શકશે નહીં.કારણકે સરકારને તેમનો વિરોધ કોઈપણ રીતે થાય તે મંજુર નથી તેના ઉપરથી આવા આદેશો જારી કરવાનો હેતું હોઈ શકે.પર્યાવરણના હેતુસર હાલમાં સુપ્રીમ કોર્ટે ફટાકડા નહીં ફોડવા બાબતે આદેશો આપ્યા છે. પરંતુ સરકારના કેટલાક સાથી ફિરકાઓને તે પસંદ આવ્યું નથી તેને ધર્મ વિરુધ્ધ ગણાવીને તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.લોકોએ સ્વેચ્છીક રીતે સ્વતંત્રતાની અભિવ્યકિત પર તરાપ મારતા આદેશો સામે પ્રતિકાર કરવો જોઈએ તેવું લાગી રહ્યું છે.

મહેશભાઈ પી. પરમાર

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# દેશમાં વધતી જતી બેકારી ઇકોનોમી માટે સારી નિશાની છે : કેન્દ્રીય રેલ્વે પ્રધાન પીયુષ ગોયલ

દેશનું આર્થતંત્ર ખોડંગાઈ રહ્યુ છે તેવા આક્ષેપો વચ્ચે રેલવે પ્રધાન પિયુષ ગોયેલે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ઈન્ડીયા ઈકોનોમિક સમીટમાં જણાવ્યુ હતું કે દેશમાં વધતી જતી બેકારી તો ઈકોનોમી માટે સારી નીશાની છે.વિશ્વના અનેક દેશો પ્રાઈવેટ સેકટરમાં બેકારીની સમસ્યા દુર કરવા માટે ચિંતિંત છે.ગોયેલે દાવો કર્યો હતો કે બેકારીને કારણે દેશના યુવાનો સ્વરોજગારી મેળવતા થયા છે. સરકાર દ્વારા યુવાનોને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. સરકારની મેક ઈન ઈન્ડીયા અને સ્ટાર્ટ અપ જેવી યોજનાઓનો લાભ લઈ હવે યુવાનો નોકરીને સ્થાને સ્વરોજગાર તરફ આગળ વધી રહ્યા છે. સરકાર સ્વરોજગારને માટે યુવાનોને લોન પણ આપી રહી છે.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ કયારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# વિશ્વ બેન્કે ચેતવણી આપી કે ભારત સહિતના દેશોનું શિક્ષણનું સ્તર કટોકટી જેવી સ્થિતમાં છે

વિશ્વ બેન્કે ચેતવણી આપી છે કે ભારત જેવા ઓછી અને મધ્યમસ્તરની આવક ધરાવતાં દેશોમાં શિક્ષણ ક્ષેત્રે કટોકટી જેવી સ્થિતિ છે તેમાં સુધારો કરવાની જરુર છે.વર્લ્ડ બેન્કે કહ્યુ છે કે સાચું શિક્ષણ આપ્યા વગર માત્ર બાળકોને શાળામાં મોકલી દેવા એ વિકાસની તક વેડફવા જેવું છે. એટલું જ નહીં, બાળકોને પણ આવા દેશો મોટો અન્યાય કરી રહ્યા છે.વિશ્વબેન્કે રજુ કરેલા રિપોર્ટમાં નોધ્યું છે કે ભારત સહિતના દેશોમાં લાખો વિદ્યાર્થીઓને જોઈએ તેવું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મળતું નતી. જેને કારણે તેમને જીવનમાં સફળ થવાની સારી તક ગુમાવવી પડે છે. અને પાછલી વયમાં ઓછી આવકે કામનો ઢસરડો કરવો પડે છે. વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૧૮ લર્નિંગ ટુ રિપલાઈઝ એજ્યુકેશન્સ પ્રોમિસ નામથી રજુ થયેલા આ અહેવાલમાં ૧૨ દેશોના રેન્કીગ અપાયા છે. જેમાં બીજા ધોરણમાં ભણતો વિદ્યાર્થી નાનકડો શબ્દ વાંચી શકતો નથી. આ યાદીમાં ભારત,મલાવી પછી બીજા ક્રમે છે.બીજા ધોરણમાં બે આંકડાની બાદબાકી પણ કરતા ન આવડતા હોય તેવા વિદ્યાર્થીઓવાળા દેશોની યાદીમાં ભારત સાતમાં ક્રમે છે.

સિયામના લોકો પોતાના ઘરમાં દરવાજા અને બારીઓ એકી સંખ્યામાં રાખે છે.
ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.
વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.

# મુંબઇ હાઇકોર્ટે નકલી એન્કાઉન્ટર્સમાં આરોપીઓને છોડી મુકવાના આદેશોને ન પડકારવા બદલ સીબીઆઇ સામે નારાજગી દર્શાવી

બોમ્બે હાઈકોર્ટે સોહરાબ શેખ અને તુલસીરામ પ્રજાપતિના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓને મુક્ત કરવાના ટ્રાયલ કોર્ટના આદેશોને કેમ પડકારવામાં ન આવ્યા તેવો સવાલ સીબીઆઈને કર્યો છે. હાઈકોર્ટની આ ટકોરથી ગુજરાતના કેટલાક આઈપીએસ અધિકારીઓની મુશ્કેલી વધી રહેલી દેખાય છે.આરોપીઓને છોડી મુકવાના કોર્ટના આદેશો સામે સોહરાબુદીનના ભાઈ રુબાબુદીન શેખે ફાઈલ કરેલી રિવીઝન પીટીશન પર સુનાવણી કરતાં જસ્ટીસ રેવતી મોહિતે-દેરેએ જણાવ્યુ હતું કે સીબીઆઈએ ટ્રાયલ કોર્ટના આદેશ સામે સમાન નારાજગી હોવી જોઈએ.

આથી તેમણે તપાસ સંસ્થા સીબીઆઈને સવાલ કર્યો કે તે આઈપીએસ અધિકારીઓ રાજકુમાર પાંડિયન,ડી.જી.વણઝારા અને દિનેશ એમ. ને છોડી મુકવાના ટ્રાયલ કોર્ટના આદેશોને પડકારવાની તેની યોજના છે કે કેમ ? જસ્ટીસ મોહિતે દેરેએ હાઈકોર્ટની આગામી સુનાવણીની તારીખ ૧૨ ઓક્ટો. સુધી આ કેસમાં કોઈ આરોપી સામે આરોપો નહીં ઘડવાની સીબીઆઈના વકીલને મૌખિક સુચના આપી હતી.રુબાબુદીન શેકે આ કેસમાં ત્રણ આરોપીઓને છોડી મુકવાના આદેશોને પડકારતી અનેક અરજીઓ કરી છે. તેના વકીલ ગૌતમ તિવારીએ કોર્ટેને કહ્યુ હતું કે આ ત્રણ અધિકારીઓને છોડી મુકવાના આદેશોનો હવાલો આપી અન્ય અનેક આરોપીઓને પણ તેમને છોડી મુકવાની માંગણી કરી રહ્યા છે.

જસ્ટીસ મોહિતે દેરેએ સીબીઆઈની એ દલીલને નકારી કાઢી હતી કે તેણે રાજસ્થાનના બે પોલીસ સબ ઈન્સપેકટરર્સ હિમાંસુ સિંહ અને શ્યામસિંહ ચરણને છોડી મુકવાના આદેશને પડકાર્યો છે.જસ્ટીસે કહ્યુ કે તમે સબ ઈન્સ્પેકટર્સ અને કોન્સ્ટેબલને છોડી મુકવાનો વિરોધ કરી રહ્યા છો પરંતુ આઈપીએસ અધિકારીઓ અંગે શું કર્યુ ? શું તેમને છોડી મુકવા માટે મંજુરી ન મેળવવી એકમાત્ર કારણ છે ? આ કેસમાં તમામ આઈપીએસ અધિકારીઓને છોડી મુકાયા છે. માત્ર એકનેજ પડકારાયો છે. કાયદો તમામ અરજદારો સામે એક સરખો હોવો જોઈએ.તમારે (સીબીઆઈ)પણ અરજદાર(રુઆબુદીન)ની જેમ આ ચુકાદાથી અસંતુષ્ટ હોવા જોઈએ. ગુજરાત એન્ટી ટેરીરીઝમ સ્કોર્ડે સોહરાબુદીન શેખ અને તેની પત્ની કૌસરબીનું હૈદ્રાબાદતી આવતી વેળાએ મહારાષ્ટ્રના સાંગલીથી કથિત રીતે અપહરણ કર્યુ હતું. શેખને નવેમ્બર ૨૦૦૫માં ગાંધીનગર ફેક એન્કાઉન્ટરમાં ઠાર મારવામાં આવ્યો હતો. એ પછી કૌસર બી ગુમ થઈ ગઈ હતી.આ એન્કાઉન્ટરનો સાક્ષી અને શેખનો સહયોગી પ્રજાપતિ પણ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં છપરી ગામમાં પોલીસના કથિત એન્કાઉન્ટરમાં પણ કથિત રીતે ઠાર મરાયો હતો.

# દેશની જનતા હજુ પણ અચ્છે દિન આવવાની રાહ જોઇ રહી છે : શિવસેના



એનડીએના સાથી પક્ષ શિવસેના દ્વારા હવે ભાજપના મુળિયામાં ઘા મારવાની વિધિ ચાલી રહી છે.છેલ્લા કેટલાક સમયથી ભાજપની નીતી રીતીઓની ભરપુર ટીકા કરનારા શિવસેનાએ જણાવ્યુ હતું કે દેશની જનતા હજુ પણ અચ્છે દિન આવવાની રાહ જોઈ રહ્યા છે.આ સાથે તેમણે મહારાષ્ટ્રના ભાજપના એક મંત્રીની પાર્ટી વિરુધ્ધની ટીપ્પણીની ઝાટકણી કાઢી હતી. અગાઉ મહેસુલ મંત્રી ચંદ્રકાંન્ત પાટીલે કહ્યુ હતું કે જે સરકારમાં પોતે સામેલ છે તેનો જ વિરોધ કરીને શિવસેના ખુદ પોતાને મુર્ખ સાબિત કરી રહી છે. ઉધ્ધવ ઠાકરેના નેતૃત્વમાં રહેલી શિવસેના કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વમાં રહેલી સરકારનો હિસ્સો છે. તેણે ઈંધણના વધતા ભાવોના મામલે દેખાવો કર્યા હતા. જો કે શિવસેનાએ પાટિલની આવા મહત્વના મુદ્દાઓ અંગે પોતે કરેલા દેખાવ વિશે કરેલી ટિપ્પણીઓને નકારી દીધી છે. શિવસેનાએ તેના મુખપત્ર સામનાના સંપાદકીયમાં લખ્યું હતું કે એ લોકો કે જેઓ એમ માને છે કે શિવસેનાએ ખુદની જ મજાક ઉડાવી છે તો તેઓ સત્તાના મદમાં અંધ બન્યા છે.પરંતુ અમે સ્થિર છીએ.શું તમે(પાટિલ) હસી શકશો કે જ્યારે અમે કહીશું કે લોકો તમામ સ્થળે હસી રહ્યા છે.કેમકે સત્તામાં આવ્યા પછી પણ અચ્છે દિન આવ્યા જ નહીં.

# દેશનું અર્થતંત્ર બિમાર, સરકાર ખુશામતમાં રત,પુત્રની કારકીર્દીની તમા નથી : યશવંતસિંહા આકરા પ્રહારો

પુર્વ નાણાંમંત્રી યશવંતસિહાએ મોદી સરકાર પર અર્થતંત્રના સંદર્ભે પોતાના આકરા પ્રહારો જારી રાખતાં કહ્યુ હતું કે અર્થતંત્ર નીચે અને નીચે જઈ રહ્યુ છે.પણ સરકાર પોતાની પ્રશંસામાંથી ઉંચી આવતી નથી.સરકાર પોતાની પીઠ થાબડી રહી છે.મોદી સરકારના આર્થિક નિર્ણયોના બચાવમાં પોતાના પુત્ર અને કેન્દ્રીય મંત્રી જયંત સિંહાએ કરેલા બચાવ અંગે યશવંતસિંહાએ રોષ વ્યક્ત કર્યો હતો.નાણામંત્રી અરુણ જેટલીએ ૮૦ વર્ષે નોકરીની તલાશમાં નીકળેલા માણસ તરીકે તેમને સંબોધતાં ગુસ્સે ભરાયેલા સિંહાએ કહ્યુ કે જો હું નોકરી માટે લાઈનમાં ઉભો હોત તો જેટલી પોતે આ નોકરીમાં ન હોત.સિહાએ જેટલીની અભદ્ર ટિપ્પણી બદલ ઝાટકણી કાઢી હતી.તેમણે કહ્યુ હતું કે ભાજપ અને સરકારના લોકો તેમને વ્યક્તિગત આરોપોમાં ઉલઝાવી દવા માંગે છે. પણ હું તેમની જાળમાં ફસાવાનો નથી. જેટલીની કોમેન્ટ એટલી ગંદી છે કે હુ મારા સ્ટેટસની નીચે જઈને તેની વિરુધ્ધમાં કશુ કહેવા પણ માંગતો નથી. એમ તેમણે કહ્યુ હતું. યશવંતસિંહાએ અરુણ જેટલી સામે કેટલાક અણિયાળા સવાલો કરીને કહ્યુ કે જેટલીએ તેમના ૮૦માં વર્ષે નોકરી માંગવા નિકળ્યા છે તેમ કહ્યુ છે પણ જો હું તેમ કરવા નિકળ્યો હોત તો જેટલી આજે નંબર વન ન હોત.સિંહાએ એમ પણ કહ્યુ કે તેમની ટીકાથી તેમના પુત્ર જયંતની રાજકીય કારકીર્દી પર જોખમ ઉભુ થાય તો પણ તેમને ચિંતા નથી. કેમકે તેમના માટે દેશનું હિંત સર્વોપરી છે. તેમણે કહ્યું કે આ અંગે તેમના દીકરા સાથે તેમની કોઈ વાતચીત થઈ નથી.

છેલ્લા ત્રણ વર્ષમાં ભારતનો જીડીપી ગબડીને સૌથી નીચલા સ્તરે આવી ગયો હોવાનું સિંહાએ અંગ્રેજી અખબારના લેખમાં લખ્યું હતું . સિંહાએ એમ પણ કહ્યુ હતું કે નોટબંધીનો નિર્ણય સૌથી મુર્ખામીપુર્ણ હતો.અને જીએસટીનો અમલ કરાવવામાં સરકારે ભારે બેદરકારી દાખવી હોવાને કારણે અર્થતંત્ર પર તેની માઠી અસર થઈ છે.સિહાના આ લેખ પછી બીજા દિવસે સરકારના કહેવાથી તેમના પુત્ર અને કેબિનેટ મંત્રી જયંત સિંહાએ વળતો લેખ લખીને સરકારના આર્થિક પગલાંનો બચાવ કર્યો હતો.જો કે ઈન્ડીયન એક્સપ્રેસને આપેલા એક ઈન્ટરવ્યુમાં સિંહાએ કહ્યુ હતું કે સરકાર પરિસ્થિતિની ગંભીરતાનો વિચાર કરતી નથી.

# મંદી,અર્થ વ્યવસ્થાના મામલે હવે બહુ થયું,વડાપ્રધાને સામે આવીને ખુલાસા કરવા જોઇએ : ભાજપી સાંસદ શત્રુઘ્ન સિંહા

દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે અને નાણાંમંત્રી અરુણ જેટલી નિષ્ફળ ગયા છે તેવી ભારે ગંભીર ટીકાઓ માજી નાણાંમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા કરી ચુક્યા છે તેના ટેકામાં ભાજપી સાંસદ અને અભિનેતા શત્રુઘ્નસિંહાએ અર્થતંત્રમાં મંદી અંગે સરકાર પર પ્રહારો કર્યા હતા.તેમણે વડાપ્રધાન મોદીને નિશાન બનાવતાં કહ્યુ હતું કે હવે તેમણે સામે આવીને ખુલાસા કરવાનો સમય આવી ગયો છે.અને ઉઠેલા સવાલોના જવાબો આપવા જોઈએ.

તેમણે ટ્વીટર લખ્યુ હુતં કે હવે બહુ થયું, આ બિલકુલ યોગ્ય સમય છે. વડાપ્રધાન જનતા અને પ્રેસની સામે આવીને સવાલોના જવાબ આપે. વડાપ્રધાન એ જણાવે કે તેઓ મધ્યમ વર્ગ,વ્યાપારી અને નાના વેપારીઓનો ખ્યાલ રાખે.દેશભરમાં દેશમાં નબળી પડતી અર્થવ્યવસ્થા અને મંદી એગે ભારે ચર્ચાઓ ચાલી રહી છે.પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ અરુણ જેટલી પર દેશની અર્થ વ્યવસ્થાને નબળી પાડી હોવાનો આરોપ લગાવ્યો છે.જ્યારે નાણાંમંત્રી અરુણ જેટલીએ યશવંતસિંહાના કાર્યકાળમાં મળેલી નિષ્ફળતાઓ ગણાવી રહ્યા છે.

## જાણવા જેવું !

વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.

પહેલી મોર્ડન ઓલિમ્પીક રમત ૧૮૯૬માં એથેન્સમાં યોજાઈ હતી.

અબરખ ધાતુનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે

ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## જોસેફ મેકવાનના ૮૨માં જન્મ દિવસ નિમિત્તે 'વ્યથાના વિતક'કાર્યક્રમનું ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંયુક્ત આયોજન



જોસેફ મેકવાનના ૮૨માં જન્મ દિવસ નિમિત્તે ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંયુક્ત રીતે 'વ્યથાના વિતક'કાર્યક્રમનું આયોજન થયું હતું.જેમાં જોસેફ મેકવાનના પુત્ર ચંદ્રવદન મેકવાને તેમના પિતાના જીવનકાળ વિશે વર્ણન કરતાં જણાવ્યુ હતું કે,મારા પિતાએ ૬ વર્ષની કુમળી વયે પોતાની માતા ગુમાવી હતી.પોતાની માતાની ઇચ્છા વિરુધ્ધ જઇને તેમના પિતાએ બીજા લગ્ન કર્યા હતા. તેના ગુસ્સામાં તેમની માતાએ ઝેર પીધું.માતા ગુમાવ્યાના આઘાતમાં તેમના એક કાકાનું અવસાન થયું અને જે ખુબ પ્રેમ આપતા એવા બીજા કાકાએ ઘર છોડ્યું.આમ, ટુંકા ગાળામાં તેમણે પોતાના જીવનમાં આવેલા બદલાવ જોયા.સાવકી માં પાસે હંમેશા હુંફ અને સ્નેહના અભાવ વચ્ચે તેમનું બાળપણ વીત્યું.નકારાત્મકતાઓ અને વિષમતાઓ રહ્યા હોવા છતાં તે હંમેશા જે પણ તેમના સંપર્કમાં આવ્યા તેના પર પ્રેમ અને લાગણી કંઇ રીતે વરસાવી શક્યા તે સવાલ છે.તેમણે પરિસ્થિતિનો ભોગ બનવાને બદલે પરિસ્થિતિને પ્રતિભાવ આપવાનું શરુ કર્યુ.

જોસેફ મેકવાનની સાહિત્યસૃષ્ટિ વિશે વાત કરતાં તેમના પરમ મિત્ર મણિલાલ હ.પટેલે જણાવ્યુ હતું કે બહુ ઓછા એવા સદ્ભાગી સાહિત્યકારો હોય છે, જેને તેના પાત્રો સાંજે મળવા આવે. એક સર્જકે ચાર વસ્તુ સામે લડવું પડે છે.સત્તા,સમાજ,કુટુંબ અને જાત સાથેની લડાઇ. આજ લડાઇ આપણને જોસેફ મેકવાનના પાત્રોમાં પણ દેખાય છે.એ નવું ગોરપદું દેખાય છે.એ નવું ગોરપદુ કરતાં ડોકટર હતા.જે તેમને ઇશ્વર પેટલીકરે શીખવ્યુ હતું.એ એવા ગોર હતા જે પરણાવી પણ આપે અને જીવન પણ ચલાવી આપે.અનેક વાર એવું બનતું કે તેઓ જમવા બેઠા હોય અને કોઇ પોતાની સમસ્યા લઇને આવે અને ભાણું ઠરી જાય અથવા પડ્યું રહે અને તેઓ પોલીસ સ્ટેશને પહોચ્યા હોય અથવા કોઇ દીકરીના લગ્નજીવનને બચાવવા ટ્રેઇનની ટીકીટ લઇને ગાડીમાં બેસી ગયા હોય.સાહિત્યકાર આપણું કેથાર્સીસ કરે છે. એ પહેલા મનને ઓગાળી દે છે. પછી વેદનાના ઘા કરે છે. પછી જે પ્રશાંતિનો અનુભવ કરાવે છે, એ આપણને વેઠવા તૈયાર કરે છે.શ્રી મણિભાઇ હ.પટેલે જોસેફભાઇની સાહિત્ય સૃષ્ટિનો અનોખી અંદાજમાં પરિચય કરાવ્યો હતો.જે કાબિલે તારીફ હતો.

આ પ્રસંગે સમાજમિત્રના ખાસ અંક 'પીડીતોની પ્રહરી-વંચિતાની વાચાઃ સર્જક જોસેફ મેકવાન' નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જાણીતા સાહિત્યકારો,મિત્રો અને સ્નેહી સગા સબંધીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**જાણવા જેવું !**

થાઇલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઇ સજાની જોગવાઇ નથી.

ગ્રેહામ ગિન્ડના બ્રાઇટન અર્ખ નામના પુસ્તકની પ્રથમ એડીશનની કિંમત એંશી હજાર રુપીયા બોલાય છે.

## પનામા પેપર્સ કેસમાં પગલાં શા માટે લેવાયાં નથી : કોગ્રેસનો વડાપ્રધાનને જવાબ આપવા અનુરોધ

પનામા પેપર્સમાં જેમના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમની સામે પગલાં શા માટે લેવામાં આવ્યા નથી તેવો સવાલ કોગ્રેસે ઉઠાવ્યો છે.કોગ્રેસ પ્રવક્તા સુરજેવાલે આ મુદ્દે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યુ હતું કે કાળા નાંણા ધરાવનારા આ લોકોને બચાવી લેવાનું આ કાવતરુ છે ? વડાપ્રધાન મોદી અને નાણાં પ્રધાન જેટલીએ આ મુદ્દે જવાબ આપવો જોઇએ. તેમણે પ્રશ્ન કર્યો હતો કે ફેમાનો ભંગ કરીને જે લોકો કાળા નાંણા વિદેશમાં પહોચાડી ચુક્યા છે અને પનામા પેપર્સમાં જે નામોનો ઉલ્લેખ છે તેમની સામે સીબીઆઇ કે ઇડી પગલાં શા માટે નતી લેતી ? આશા સેવું છું કે વડાપ્રધાન આ મુદ્દે બોલશે.તેમણે દાવાપુર્વક જણાવ્યુ હતું કે કોગ્રેસ શાસન દરમિયાન વર્ષ ૨૦૧૩-૧૪માં રુપીયા ૧,૦૧,૭૫૦ કરોડ જેટલી કરચોરી અને કાળા નાંણા ઝડપી પાડવામાં આવ્યા હતા.ગયા વર્ષે આ આંકડો ઘટીને રુપીયા ૨૭૦૦૦કરોડ થયો હતો. અને આ વર્ષ તો આંકડો તેનાતી પણ ઘટીને રુપીયા ૧૮૦૦૦થી ૨૦૦૦૦ને આંકડો પહોચ્યો છે. કોગ્રેસ પ્રવક્તાએ એ વાતની યાદ અપાવી હતી કે વડાપ્રધાન તો કહેતા હતા કે તમામ કરચોરોને ઝડપશે તો પછી એજન્સીઓ દ્વારા કાળા નાંણા ઝડપવાનું પ્રમાણ ઘટ્યું કેમ ? મોદીજી આ મુદ્દે ચુપ કેમ છે

## નરેન્દ્ર મોદીને સમર્થન આપીને મે ભુલ કરી છે : ભાજપાના વરિષ્ઠ નેતા અરુણ શૌરી

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી અરુણ શૌરીએ વડાપ્રધાન મોદી પર નિશાન તાકતા કહ્યુ અને અફસોસ વ્યક્ત કર્યો હતો.તેમણે જણાવ્યુ કે નરેન્દ્ર મોદીને સમર્થન આપવું એ તેમની ભુલ હતી.તેમણે સાચુ ન બતાવવા બદલ મીડીયાની પણ ટીકા કરી હતી.શૌરી સ્વર્ગીય લેખક ખુશવંતસિંહના નામે થઇ રહેલા એક સાહિત્ય સમારોહના ઉદ્દઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.શૌરીએ કાર્યક્રમમાં કહ્યુ કે અગાઉ વી.પી.સિંહ અને હવે નરેન્દ્ર મોદીને સમર્થન આપવાની મે ભુલો કરી છે. આ ન વિચારો કે તેના નેતા સત્તા પર આવતાંની સાથે બદલાઇ જશે. તેમના ચરિત્રને તેમની સત્યનિષ્ઠાના આધારે પરખો.જુઓ કે તેઓ પોતાની વાતો પર કેટલાં ખરાં છે.

## યશવંતસિંહાએ કહ્યુ કે વડાપ્રધાને અમારી ટીકાનો જવાબ આપ્યો તેનો મતલબ કે તેમણે પુરી તાકાતથી સરકારની આર્થિક નીતિઓની ટીકા કરી છે

ભુતપુર્વ નાણાંમંત્રી અને ભાજપના નેતા યશવંતસિંહાએ કહ્યુ છે કે જો વડાપ્રધાન મોદી એમ માનતા હોય કે અમે નિરાશા ફેલાવનારા ગણ્યાગાંઠ્યા લોકો જ છીએ, તો અમારી ટીકાને ધ્યાનમાં લઇને તેનો કેમ જવાબ આપ્યો? સિંહાએ કહ્યુ કે મોદીએ પ્રતિક્રિયા આપી તે દર્શાવે છે કે તેમણે પુરી તાકાતથી સરકારની આર્થિક નીતિઓની ટીકા કરી છે. સિંહાએ કહ્યુ કે જો અમે માત્ર નિરાશાવાદ ફેલાવી રહ્યા હોઇએ તો પછી પેટ્રોલ-ડીઝલ પર એકસાઇઝ ડુયટીમાં ઘટાડો કેમ કરાયો ? ઉતાવળે જીએસટી કાઉન્સીલની બેઠક કેમ બોલાવી ? ઉલ્લેખનીય છે સિહાએ સરકારની ટીકા કર્યા બાદ વડાપ્રધાન મોદી એ બે દિવસ પહેલાં કહ્યુ હતું કે ગણ્યાં ગાંઠ્યા લોકો દેશમાં નિરાશાનો માહોલ ફેલાવી રહ્યા છે. જો કે આ ટીકા વચ્ચે સરકારે પેટ્રોલ-ડિઝલ પરની એકસાઇઝ ડ્યુટી ઘટાડી દીધી એ રાજ્યોને પણ પાંચ ટકા વેટમાં ઘટાડો કરવા અપીલ કરશે તેવી જાહેરાત કરી હતી. નોટબંધી અને જીએસટીના અમલને કારણે અર્થતંત્ર પર વિપરિત અસર વચ્ચે સિંહા અને અરુણ શૌરી જો ભાજપના એક સમયના દિગ્ગજ નેતાઓએ કરેલી ઊગ્ર ટીકાથી સરકારની મુશ્કેલીઓ વધી ગઇ છે તેમ જણાય છે.

## પેટ્રોલ-ડિઝલમાં રુ.૨નો ઘટાડો દરિયામાં એક ટીપુ : શિવસેના

શિવસેનાએ પોતના સાથી પક્ષ ભાજપા અને એનડીએ સરકારની ટીકા કરવાની એક પણ તક ચુકતી નથી. તેણે પેટ્રોલ અને ડીઝલ પર આબકારી જકાતમાં લિટરે રુ.૨ ઘટાડવાના સરકારના પગલાં પર નિશાન તાક્યું હતું.તેણે કહ્યુ છે કે આ પગલાં દરિયામાં એક ટીપા સમાન છે.કેમકે એક મહિનાના વધારા બાદ આ બંન્ને પેટ્રો પેદાશના ભાવોમાં ઘટાડો કરાયો છે.આ ઘટાડો અપુરતો છે ઉંટ કે મુંહ મે જીરા ઉક્તીનો ઉપયોગ કરીને સરકારની ટીકા કરી હતી.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિઘવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭





**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.